## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ૧૩૧ સરપંચ પદના વિજેતા ઉમેદવારોનું ભવ્ય વિજય સરઘસ

# ચૂંટણી પરિણામ બાદ ‘કહી ખુશી કહી ગમ’ના દ્રશ્યો સર્જાયા

## વજેતા ઉમેદવારોના ટેકેદારોએ ડીજેના તાલે ગુલાલની છોળો, ફટાકડાની આતશબાજી સાથે વિજ્યોત્સવને મનાવ્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની ૧૩૧ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિક્રમી મતદાન પછી મંગળવારે સવારે તાલુકા મથકે મત ગણતરી હાથ ધરાઈ હતી. સવારે ૧૧ વાગે પરિણામો આવવાની શરૂઆત થતા મત ગણતરીના સ્થળે વિજેતા ઉમેદવારો અને ટેકેદારોના ભવ્ય સરઘસથી રાજકીય માહોલ ગરમાયો હતો. વિજેતા ઉમેદવારોએ અને ટેકેદારોએ ડીજેના તાલે ગુલાલ અને ફટાકડાની આતશબાજીથી વિજયોત્સવ મનાવ્યો હતો. ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના અનેક કાર્યકરો ક્યાંક જીત્યા હતા તો ક્યાંક હાર્યા હતા. જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર દ્વારા મતગણતરી સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દીધો હતો. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વિજય સરઘસ સાથે પોલીસતંત્ર પણ ખડેપગે રહી વિજય સરઘસ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તકેદારી રાખી હતી. મોડાસા શહેરની એન્જીનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલી મત ગણતરી સ્થળે વિજેતા સરપંચ પદના ઉમેદવારોની ઘોષણા થતાની સાથે જ ટેકેદારો ઝૂમી ઉઠ્યા હતા.

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની ૧૩૧ ગ્રામ પંચાયતો ની સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાતા બંને જીલ્લામાં સરેરાશ ૭૮ ટકા જેટલું જંગી મતદાન થતા અનેક ઉમેદવારો પોતાની જીત બાબતે આવી ગયા હતા મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, પોશીના, ઈડરના મતગણતરી સ્થળે મતગણતરી શરુ થતા હજ્જારોની સંખ્યામાં ઉમેદવારોના ટેકેદારો ઉમટી પડતા રાજકીય માહોલ ગરમાયો હતો. મત ગણતરી સ્થળે વિજેતા ઉમેદવારોને ટેકેદારોએ ફુલહાર પહેરાવી, ખભે ઉંચકી ગુલાલની છોળો ઉડાડી ભવ્ય આતશબાજી સાથે ડીજેના તાલે જુમી ઉઠ્યા હતા અને વિજયમહોત્સવના નશામાં હારેલા ઉમેદવારોના ટેકેદારો સામે ઘૂરકિયા કરતા નજરે પડતા હતા. ૧૩૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચ પદની ઉમેદવારી અને વોર્ડ સભ્યની ઉમેદવારીમાં હારેલા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે મતગણતરીના સ્થળેથી નિરાશ પરત ફર્યા હતા. બંને જિલ્લામાં વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા મતગણતરી સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.







# પ્રાંતિજ તાલુકાના ૨૧ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર

### અંબાવાડા ખાતે મહિલા સરપંચનો એક મતે વિજય : સરપંચ-સભ્યોના ભવ્ય સરઘસો નિકળ્યાં

પ્રાંતિજ,તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ૨૧ ગ્રામપંચાયતના સરપંચો માટેની ચૂંટણી યોજાઇ હતી. જેમાં ૨૧ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો અને ઠેરઠેર વિજય સર્ઘષ નિકળ્યાં હતાં.

પ્રાંતિજ તાલુકામાં ગ્રામ પંચાયતની ૨૧ બેઠક માટે સરપંચો માટે ૯૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી અને તા.૪-૨-૨૦૧૮ને રવિવારના રોજ સરપંચો માટેની ચૂંટણી યોજાઇ હતી અને તા. ૬-૨-૨૦૧૮ને મંગળવારના રોજ પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે સવારે-૯ કલાકે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં એક પછી એક ગામોનાં પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો અને ચુંટાયેલા ઉમેદવાર સરપંચોને ટેકેદારો ગામજનો દ્વારા વિજય બનેલ ઉમેદવાર સરપંચોને ફુલહાર અબીલ ગુલાલ દ્વારા સ્વાગત તથા ભેટીને અભિનંદન પાઠવતાં જોવા મલ્યા હતાં અને તાલુકા સેવાસદન બહાર રોડ ઉપર ઠેર-ઠેર વિજય સરગસ જોવાં મલ્યાં હતાં જયારે ચૂંટણી અધિકારી આર.કે. પટ્ટણીના અધ્યક્ષ સ્થાને નિષ્ઠાપૂર્વક મતગણતરી હાથ ધરાઈ.



પ્રાંતિજ તાલુકાનાં ૨૧ ગ્રામ પંચાયતોના ગામના નામ તથા વિજય થયેલ ઉમેદવાર સરપંચોના નામ નીચે પ્રમાણે છે.

સલાલ - સોનલબેન રાજેશભાઈ પટેલ- ૧૫૦૭ મતો
વડવાસા - સુભન્દ્રાબેન મનુભાઈ પટેલ - ૮૫૮
લીમલા - પટેલ કનુભાઈ મણીલાલ - ૫૧૬
ઝીઝવા - મકવાણા સંગીતાબેન પ્રવિણજી - ૯૧૧
કરોલ - રમેશજી હેમતાજી મકવાણા - ૪૪૫
અંબાવાડા - વીણાબેન સોમાભાઈ ચમાર - ૬૨૭ એક મતે વિજય
વદરાડ - કૈલાસબેન અમૃતલાલ બારોટ - ૧૦૯૧
મહાદેવપુરા - નિકુંજ લક્ષ્મણસિંહ પરમાર - ૫૦૧
તખતગઢ - નિશાંતકુમાર રમણભાઈ પટેલ - ૭૪૫
બાલીસણા - નીરૂબેન વિષ્ણુભાઈ પટેલ - ૬૭૨
નનાનપુર - ગીરીશકુમાર શંકરભાઈ પટેલ - ૬૯૮



દલપુર - જાનકીબેન આશીષકુમાર પટેલ - ૭૭૪
મેમદપુર - હિંમતસિંહ જીવનસિંહ પરમાર - ૬૧૭
તાજપુર - રમીલાબેન પ્રહલાદભાઈ પટેલ - ૯૬૦
રસુલપુર - સરોજબેન કલ્પેશભાઈ ભંગી - ૨૭૦
વાઘરોટા - અમૃતભાઈ રેવાભાઈ પટેલ - ૬૨૮
સદાના મુવાડા - મછીબેન વિનુજી ડાભી (બીનહરીફ)
કમાલપુર - દિવાનસિંહ ભવાનીસિંહ રાઠોડ - ૭૬૭
બોભા - ચંદાબેન આદરસંગ રાઠોડ - ૫૪૫
ગલેસરા - લક્ષ્મીબેન બબાજી ઠાકોર - ૩૫૩
જેનપુર - ગફુલભાઈ સાંકાભાઈ રબારી - ૫૦૧

# પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી માટે ૭૧ ઉમેદવારો મેદાનમાં

## ૯૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જેમાં ૨૫ ફોર્મ રદ્દ અને ૩ પરત ખેંચાતાં હાલ ૭૧ ઉમેદવારો મેદાનમાં : ભાજપ- કોંગ્રેસ સહિત અપક્ષો વચ્ચે સીધો જંગ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે યોજાનાર નગરપાલિકાની ચૂંટણીમાં પ્રાંતિજ ખાતે આવેલ ૬ વોડમાંથી ભાજપ કોંગ્રેસ અપક્ષો સહિત ૭૧ ઉમેદવારો મેદાનમાં રહેતાં તીપાખી જંગ જામશે.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચૂંટણીને લઈને ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષો દ્વારા ૬ વોર્ડ માટે ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભરાયાં હતાં. જેમાં તારીખ પાંચમી ફેબ્રુઆરીએ ચકાસણી દરમ્યાન ૨૫ ફોર્મ રદ થયાં હતાં અને તારીખ છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે ત્રણ ફોર્મ પરત ખેંચાતાં હાલ પ્રાંતિજ નગરપાલિકામાં છ વોર્ડમાંથી ભાજપ-કોંગ્રેસ અપક્ષો સહિત ૭૧ ઉમેદવારો મેદાનમાં છે. તો આ વખતે ચૂંટણી જંગ ખરાખરીનો ખેલ બની રહશે અને આ વખતે જ્ઞાતિવાદ, જુથવાદ, સ્થાનિકો ચુંટણીમાં અગ્રેસર રહે તો કોઇ નવાઈ નહી. જયારે ભાજપ સત્તા જાળવી રાખવાં અને કોંગ્રેસ સત્તા મેળવવા માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહશે. ભાજપમાં રહેલ અસંતોષ અને ભાજપના અસંતોષ ઉમેદવારો આ વખતે ભાજપ ઉપર ભારી થશે તો તારીખ તા.૧૭-૨-૧૮ના રોજ ચૂંટણી યોજાશે અને મતગણતરી તારીખ- ૧૯-૨-૨૦૧૮ સોમવારના રોજ યોજાશે ત્યારે ખબર પડશે કે કોણ કેટલાં પાણીમાં છે. તે જોવાનું રહ્યું પણ આ વખતે પક્ષ કરતા ઉમેદવારો ને વ્યક્તિગત મત મળશે તેમાં કોઈ શંકાનુ સ્થાન નથી.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ વાઈઝ ઉમેદવારોની યાદી

● **ભાજપ**

**વોર્ડ ૧**
વણકર ગોવિંદભાઈ આશભાઈ
પટેલ ધરતીબેન પ્રશાંતભાઈ
ઠાકરડા લાલાભાઈ પૂંજાભાઈ
તરાર હારમીબેન નારાયણભાઈ

**વોર્ડ ૨**
ભાવસાર જીગ્નેશકુમાર ચંદુલાલ
પટેલ ઝલકબેન મિલનકુમાર
પ્રજાપતિ સૂરજબેન છગનભાઈ
તરાર ઈશ્વરભાઈ સજુભાઈ

**વોર્ડ ૩**
સોલંકી શારદાબેન બાબુભાઇ
રાવલ નિકુંજ યોગેશભાઈ
સોલંકી સંજયસિંહ નવલસિંહ
મિસ્ત્રી રંજનબેન શૈલેષભાઇ

**વોર્ડ ૪**
પટેલ સોનુ ઈશ્વરભાઈ
ઠક્કર અરવિંદભાઈ રામજીભાઈ
પ્રજાપતિ પપલબેન તારાચંદ
પ્રજાપતિ દશરથભાઈ કાળુજી

**વોર્ડ ૫**
મહેતા અશિષભાઈ નરેશભાઈ
જોશી મીનાબેન રાજેન્દ્રકુમાર
ભાટ અંબાલાલ કૃષ્ણાજી
મિસ્ત્રી આશાબેન મોહનભાઇ

**વોર્ડ ૬**
બારોટ બ્રિજેશકુમાર નારાયનદાસ
વસાવા નવીનભાઈ અભેસિંગ
પટેલ મધુબેન નરસીભાઈ રાવલ
નિષાબેન દિલીપભાઈ

**વોર્ડ ૭**
પરમાર રમીલાબેન કાંતિભાઈ
મહેતા ધર્મેન્દ્રભાઈ રમેશચંદ્ર
વસાવા રણછોડભાઈ બચુભાઇ
દીક્ષિત અન્નપૂર્ણાબેન સતિષભાઈ

● **કોંગ્રેસ**

**વોર્ડ-૧**
પરમાર નરેશભાઈ મગનભાઈ
ખાંટ અલકાબેન ચંદુભાઈ
પટેલ ભરતભાઈ શામલભાઈ
ગમાર મનીબેન રમેશભાઈ

**વોર્ડ ૨**
સોલંકી પ્રવિણસિંહ દેવીસિંહ.
પટેલ ભાનુબેન રાજેશકુમાર
દેવડા બનાબા જશવંતસિંહ
કટેરિયા મનુભાઈ પુનાભાઈ

**વોર્ડ ૩**
પટેલ વલ્લભભાઈ રણછોડભાઈ
પટેલ મણીબેન દિનેશભાઈ
જોશી જીજ્ઞેશભાઈ અશ્વિનભાઈ
ડામોર ચંદાબેન નરેન્દ્રકુમાર

**વોર્ડ ૪**
પટેલ જ્યોતિબેન શાંતિલાલ
પ્રજાપતિ ગુદડજી મોહનજી
ઠક્કર રમીલાબેન જીતેન્દ્રકુમાર
પોખરણા ચેતનકુમાર પારસમલ

**વોર્ડ ૫**
પટેલ સાગરકુમાર પોપટલાલ
સોની પુષ્પાબેન પુખરાજ
વણજારા ઈશ્વરભાઈ બાબુભાઈ
પ્રજાપતિ મીનાબેન ભાગચંદ

**વોર્ડ ૬**
બ્રહ્મભટ્ટ અશ્વિનભાઈ બાપુલાલ
રાવલ સવિત્રીબેન હસમુખલાલ
વસાવા ઠાકોરભાઈ અંબુભાઈ
પંડ્યા જાગૃતિબેન કનુભાઈ

**વોર્ડ ૭**
રાવલ ગોપાલકૃષ્ણ માણેકલાલ
વસાવા નારાયણભાઈ વિઠ્ઠલભાઈ
ભાંભી આશાબેન રાકેશભાઈ
પરમાર પારુબેન ઈશ્વરજી

● **અપક્ષ**

**વોર્ડ ૧**
ભાવસાર ભાવેશભાઈ વિઠ્ઠલભાઈ
મકવાણા ઉપેન્દ્રકુમાર ઈસ્વરલાલ
પરમાર ભરતભાઈ પ્રેમચંદભાઈ

**વોર્ડ ૨**
પટેલ હાથીભાઈ જેઠાભાઈ

**વોર્ડ ૩**
રાઠોડ ગજેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ

**વોર્ડ નં ૪**
પ્રજાપતિ રાજુરામ પુનાજી

**વોર્ડ નં-૫**
રાઠોડ પ્રકાશચંદ્ર મોહનલાલ

**વોર્ડ નં-૬**
ઓડ ડાલીબેન નરસિંહભાઈ
ચારણ હિતેન્દ્રભાઈ ખીમજીભાઈ

**વોર્ડ નં-૭**
કોઈ નહી

| | |
|---|---|
| **ભાજપ** | ૨૮ |
| **કોંગ્રેસ** | ૨૮ |
| **અપક્ષ** | ૦૯ |
| **કુલ** | ૬૫ |



## ધનસુરા તાલુકાની ૮ ગ્રામ પંચાયતોનુ પરિણામ જાહેર

ધનસુરા તાલુકામા ૮ પંચાયતોની મતગણતરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ધનસુરા હાઈસ્કૂલ ખાતે કરાઈ હતી. સવારથી જ સરપંચ અને વોર્ડના સભ્યોના પરિણામ માટે મતગણતરી શરુ થતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. રીઝલ્ટ આવતા જ કહી ખુશી કહી ગમ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જીતેલા ઉમેદવારો અને તેમના સમર્થકોએ ગુલાલ ઉડાડી ફટાકડા ફોડી અને મીઠાઈ વહેચીને ઉજવણી કરી હતી. વિજેતા ઉમેદવારોએ વિજય સરઘસ પણ કાઢ્યા હતા.

કરોલી - ફુલાભાઈ પુનાભાઈ પરમાર - મળેલ મત ૬૨૧, જામઠા - ગીતાબેન મનોજકુમાર દેસાઈ - મળેલ મત-૮૯૭, રહિયોલ - સૂર્યાબેન રણજિતકુમાર પરમાર - મળેલ મત- ૪૭૩, ભેંસાવાડા - અબાબેન નટુભાઈ દેસાઈ - મળેલ મત- ૯૦૮, વડાગામ - સુર્યભાણસિંહજી જયદિપસિંહજી રહેવર - મળેલ મત- ૨૪૧૪, બીલવણીયા - સૂરેખાબેન ભલાભાઈ ખાંટ - મળેલ મત ૮૯૦, ખડોલ - ભલાભાઈ રણછોડભાઈ ભરવાડ - મળેલ મત - ૯૭૧, જશવંતપુરા - ફતેસિંહજી જવાનસિંહજી ઠાકોર - મળેલ મત- ૬૭૩.

# સાબરકાંઠામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામ જાહેર : ૪૦થી વધુ મહિલાઓ ચૂંટાઈ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાની ૭૧ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થતા ગત રવિવારે ચૂંટણી યોજાઈ હતી. જોકે તેમાં છ ગ્રામ પંચાયતો સમરસ બનતા બાકીની ૬૬ પંચાયતોની યોજાયેલી ચૂંટણી બાદ મંગળવારે તાલુકાકક્ષાએ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીઓમાં ઈવીઅમ મશીનનો ઉપયોગ થયો હોવાને કારણે મોટાભાગના પરિણામ બપોર સુધીમાં જાહેર થઈ ગયા હતા. જેમ જેમ પરિણામ જાહેર થયા તેમ તેમ વિજયી ઉમેદવારો તથા તેમના ટેકેદારોએ ગુલાલ ઉડાડી વિજયોત્સવ મનાવ્યો હતો.

આ અંગે જિલ્લા ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાની ૭૧ ગ્રામ પંચાયોતની ચૂંટણીની મુદત પૂર્ણ થતી હોવાથી ચૂંટણી શાખા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત રવિવારે શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. ત્યારબાદ મંગળવારે દરેક તાલુકા મથકે સવારે ૮ વાગ્યે મતગણતરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં તબક્કાવાર ઈવીએમના સીલ ખોલીને ગણતરી શરૂ થતાની સાથે જ પરિણામનો ટ્રેન્ડ જણાઈ આવ્યો હતો. ત્યારબાદ જેમ જેમ પરિણામ જાહેર થયા તેમ તેમ જે તે ગામના મતદારો, ટેકેદારો અને ઉમેદવારોએ ગુલાલ ઉડાડી પોતાના ગામમાં જવા વાહનોમાં રવાના થઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે સ્થાનિક પંચાયતોમાં ૫૦ ટકા મહિલાઓને પ્રતિનિધિત્વ આપવાનો નિયમ હોવાને કારણે ૪૨ પંચાયતોમાં તથા વોર્ડમાં મહિલાઓનો દબદબો રહ્યો છે. જો કે કેટલાક કિસ્સાઓમાં મહિલા સરપંચ હોવા છતાં તેમના પતિ અથવા તો પરિવારના સભ્ય વહીવટ ચલાવતા હોવાને કારણે ગામડાઓમાં ઘણી વખત વિકાસ કામો કરવામાં અથવા તો તે અંગે અજ્ઞાનતા હોવાને કારણે ગામનો વિકાસ રૂંધાય છે તેવુ ભુતકાળના અનુભવો પરથી જણાયુ છે. ગત રવિવારે જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, વડાલી, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકામાં કેટલીક ગ્રામ પંચાયોની ચૂંટણી યોજાઈ હતી.

# કાંકરેજ તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૧૦ ફોર્મ ભરાયા

કાંકરેજ, તા. ૬

રાજ્ય ચૂંટણી આયોગના ૩-૨-૨૦૧૮ના ચૂંટણી જાહેરનામા બનાસકાંઠા જિલ્લાની કાંકરેજ



તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૧૮માં ઉમેદવારો દ્વારા તા. ૫-૨-૨૦૧૮થી ઉમેદવારી પત્રક ભરવાના શ્રી ગણેશ શરૂ કરી દિધા છે. જ્યારે કોંગ્રેસ અને ભાજપમાં નારાજ થયેલા ઉમેદવારો પક્ષ પલ્ટો કરી રહ્યા છે. જેમાં કેળોઈના પૂર્વ સરપંચ ગોપાળસિંહ સવજી સોલંકી ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં ભળી ગયા અને યુથ કોંગ્રેસના પ્રમુખ ભરતજી લેબુજી ઠાકોરને પક્ષે વિધાનસભાની ચૂંટણીમાં ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરતા તેઓ કોંગ્રેસ છોડી ભાજપમાં ભળી ગયા. આમ કાંકરેજનુ રાજકારણ ગરમાયુ છે. જેમાં જિલ્લા પંચાયતમાં અને તા.પં.માં કુલ ૧૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. જેમાં ધૌધરી ભારમલભાઈ મુળજીભાઈ, ચૌધરી દેવજીભાઈ કમાભાઈએ ઉણ જિલ્લા પંચાયત સીટ ઉપર બીજેપી નામથી ઉમેદવારી નોંધાવી છે. જ્યારે તાલુકા પંચાયતની બેઠક ઉપર વાઘેલા બચુભા પ્રહલાદસિંહ-વડા-૧, વાઘેલા વનરાજસિંહ કનુભા વડા-૧, મકવાણા વર્ધીજી વેરસીજી-ઉણ-૨૭, વાઘેલા માનસંગભા પ્રહલાદસીંગ-૨૬ ઉંબરી, ઉંદરીયા વાલાજી તખાજી-૨૧ શિહોરી-૨, ડાભી ગેમરસીંગ મલાજી-શિહોરી-૨, જાદવ રૂપસીંગ ગંભીરજી-રોનેર-૧૮, જાદવ વિઠ્ઠલસંગ કલ્યાણસંગ-રાનેર-૧૮ ઉપર ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા.